## બનાસકાંઠા જિલ્લાની ટેટોડા ગૌશાળામાં મફાભાઈ માળી ૨૦ વર્ષથી કરી રહ્યા છે બીમાર ગાયોની સેવા

બનાસકાંઠા જિલ્લા ની ટેટોડા ગૌશાળા ખાતે છેલ્લા વિસ વર્ષથી એક સુખી અને સંપન્ન પરિવારના આધેડ ગૌમાતાની નિસ્વાર્થ સેવા કરી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ઘરનું ભાથું અને ભાડું લઈ ધાનેરાથી નિયમિત ટેટોડાની રાજારામ ગૌશાળામાં અસક્ત અને બીમાર ગાયોની સેવા કરે છે. આ ગૌભક્તનું નામ છે મફાભાઈ કેસાજી માળી ૬૦ વર્ષીય મફાભાઈ છેલ્લા ૨૦ વર્ષથી ગૌશાળાની હોસ્પિટલના વોર્ડમાં રાખવામાં આવેલી બીમાર અસ્કત અને અકસ્માતમાં ઈજા પામેલ ગાયોના વોર્ડની દેખરેખ સાથે સેવા કરે છે. ૨૦ વર્ષથી સેવા કરનાર મફાભાઈએ જણાવ્યું હતું કે હું રોજ સવારે ૮ વાગે ગૌશાળામાં આવી જાઉં છું અને મારું ટિફિન પણ સાથે લઈ આવું છું અને દિવસ દરમિયાન બીમાર તેમજ અકસ્માતમાં ઈજા પામેલી ગાયોની સતત સેવા કરું છું. જેમાં દિવસ દરમિયાન આ ગાયોને ફેરવવી તેમજ તેમને દવાઓ પણ આપું છું એક પશુ ડોકટર જેટલું તેમને દવાઓનું પણ જ્ઞાન હોઈ તેઓ સતત ગાયોની સેવામાં મગ્ન રહે છે. અને સાંજે પાંચેક વાગે પરત પોતાના ધાનેરા જાય છે આમ તો મફાભાઈ સુખી સંપન્ન પરિવાર ધરાવે છે. અને સુખી પરિવારમાંથી આવતા હોવા છતાં માત્ર ગૌસેવાને જીવનમંત્ર બનાવી નિસ્વાર્થ સેવાઓ આપી રહ્યા છે.

## દિવ્યાંગોને આર્થિક સક્ષમ બનાવવામાં અરવલ્લી જિલ્લો મોખરે....

અરવલ્લીના મોરિવાડ ગામમાં રહેતા પટેલ મોહમદમિલાદ લગ્ન પહેલા ઘરે બેસી રહેતા હતા.તેમની આર્થીક પરિસ્થિતિ પણ એટલે સારી ન હતી. જેના કારણે તેમને ઘણીવાર લોકોની ટીકા, તિરસ્કારનો ભોગ બનવું પડતું હતું. પરંતુ લગ્ન બાદ તેમને દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ રૂ.૫૦ હજારની સહાય કરવામાં આવી. આ રકમથી તેમને પોતાની ઓપ્ટિકલ લેબ, ચશ્મા અને પરફ્યુમની દુકાન શરૂ કરી. આજે એ આ દુકાનથી સારી એવી કમાણી કરે છે અને સમાજમાં માનભેર પોતાનું જીવન વિતાવે છે. અરવલ્લીના મેઘરજમાં રહેતા પટેલ મોહીનભાઈ પણ આવીજ આર્થીક સાંકળામણમાં પોતાનું જીવન ગુજારતા હતા. લગ્ન બાદ તેમને સરકારની દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ રૂ.૫૦ હજારની સહાય કરવામાં આવી. આ રકમની મદદથી તેમને મેઘરજમાં કપડાંની દુકાન ખોલી. આજે તેઓ સારી એવી કમાણી કરે છે અને તેમને સ્વમાનભેર જીવન ગુજારતા જોઈ જીલ્લાના કેટલાય લોકોને પ્રેરણા મળે છે. દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ રાજ્યના જે દિવ્યાંગ વ્યક્તિ લગ્નની યોગ્ય ઉંમરબાદ લગ્ન કરે તો આ યોજના હેઠળ લગ્ન કરનાર યુગલ પૈકી કોઈ એક દિવ્યાંગ હોય તો રૂ.૫૦ હજાર અને બંને દિવ્યાંગ હોય તો રૂ.૧ લાખની સહાય આપવામાં આવે છે. આ યોજના ફકત એકવાર મળવાપાત્ર છે. જેના માટે લગ્ન કર્યાના ૨ વર્ષમાં અરજી કરવાની હોય છે.

## બનાસકાંઠા જિલ્લાના વીસીઈ કર્મચારીઓ સામુહીક રાજીનામાં આપશે...

**ડીસામાં જિલ્લાના કર્મચારીઓની મનોમંથન બેઠક મળી**

ગુજરાત રાજ્ય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક (ઓપરેટર) મંડળ દ્વારા ગ્રામ પંચાયત ઈ -ગ્રામ કોમ્પ્યુટર સાહસિક સાથે સમાન કામ સમાન વેતન લઘુતમ વેતનનો ભંગ થતો હોઈ કમિશન પ્રથા બંધ કરી ફિક્સ વેતનથી નિમણૂક આપી સરકારી કર્મચારીનો દરજ્જો આપવાની માંગને લઈ વીસીઈ કર્મચારીઓ આંદોલનના મૂડમાં છે તેને લઈ માંગણી નહીં સંતોષાય તો રાજીનામાની ચીમકી આપી છે. બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક તરીકે ઓળખાતા ડીસા ખાતે આવેલી તાલુકા પંચાયત કચેરી સામે આવેલ નવનિર્મિત બાગમાં તાલુકાના તમામ વી.સી.ઈ.કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે. જ્યાં સમગ્ર બનાસકાંઠા જિલ્લાના વીસીઈ કર્મચારીઓની મનોમંથન બેઠક મળી હતી જેમાં વિવિધ માંગણીને લઈ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં વીસીઈ કર્મચારીઓએ જણાવેલ કે ઈ- ગ્રામ વીસીઈને એક રૂપિયો પણ પગાર આપવામાં આવતો નથી અને ગુજરાત રાજ્યના ૧૩ હજાર જેટલા વીસીઈનું શોષણ કરવામાં આવી રહેલ છે.તેમાં વીસીઈના મૂળભૂત હક્કનું હનન થઈ રહયુ છે. માંગણીને લઈ અનેક વખત રજુઆત કરી છે પરંતુ માત્ર આશ્વાસન આપવામાં આવે છે જેથી તા. ૧૧/૦૫/૨૦૨૨ ના રોજથી તમામ ગ્રામ પંચાયત વીસીઈ હડતાળ ઉપર ઉતર્યા છે.તેમછતાં ગુજરાત સરકાર દ્વારા માંગણી ઓ બાબતે કોઈ નિર્ણય લીધેલ નથી.જેથી રાજ્ય કમિટી અને જિલ્લા પ્રમુખ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૨૮ મેના રોજ ગુજરાત પ્રવાસ દરમિયાન એક સાથે તમામ વીસીઈ કર્મચારીઓ સામુહિક રાજીનામા આપશે તેમ જણાવાયું હતું.

## અવસાન નોંધ

બાયડ : બાયડના પરેશકુમાર ભાવસાર(કલાર્ક-વાત્રક હોસ્પિટલ), સુભાષ ભાવસાર(ભૂમિ શોપ-બાયડ)ના પિતા ચીમનલાલ શામળદાસ ભાવસારનું તા.૨૧ મે. ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૨૭મે., શુક્રવારે બપોરે ૧-૦૦ થી ૪-૦૦ તેમના નિવાસસ્થાન એ-૧૫, વલ્લભનગર સોસાયટી, બાયડ ખાતે રાખેલ છે.

## અવસાન નોંધ

બાયડ : બાયડની વ્રજગાર્ડન સોસાયટીમાં રહેતા મનહરભાઈ પટેલ(નિવૃત્ત કર્મચારી : બાયડ એસ.ટી. ડેપો) અને મુકુંદભાઈ પટેલ(નિવૃત્ત કર્મચારી : બાયડ એસ.ટી. ડેપો), સ્વ.રાજેશભાઈ પટેલના પિતા કાન્તિભાઈ ગોબરભાઈ પટેલનું નિધન થયેલ છે. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.

### માત્ર વડાલીના જીનર્સોને ટાર્ગેટ કોના ઈશારે ..??

# હિંમતનગર, ઈડરમાં જીનર્સોના ત્યાં કેમ તપાસ થતી નથી, ઉચ્ચ અધિકારીઓની મીલીભગતના આરોપમાં તથ્ય

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૫

પાછલા ૪ મહિનામાં વડાલીના ૬ જીનર્સના ત્યાં ખેતી વિભાગ(ક્વોલીટી)ના અધિકારીઓએ તપાસ હાથ ધરી શંકાસ્પદ બિયારણનો જથ્થો ઝડપી લઈ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપ્યો છે ત્યારે સવાલ એ થાય છે કે હિંમતનગર અને ઈડરમાં પણ બિયારણના જથ્થા મોટાપ્રમાણમાં હોવા છતાં માત્ર વડાલીના જીનર્સોને ટાર્ગેટ કોના ઈશારે કરવામાં આવી રહ્યા છે..?? ઉચ્ચ અધિકારીઓની અન્ય બે તાલુકાના જીનર્સો સાથે મીલીભગત હોવાના પણ હવે ખુલ્લેઆમ આરોપ લાગી રહ્યા છે.

કહેવત છે કે પડતાને પાટુનો ઘા પડે..તેવી સ્થિતિ જોવા મળી છે. અગાઉ વડાલીના બે જીનર્સોના ત્યાંથી શંકાસ્પદ બિયારણનો જથ્થો ઝડપ્યા પછી ગણતરીના દિવસોમાં અન્ય ૪ જીનર્સોના ત્યાં સ્થાનિક અને ગાંધીનગરના અધિકારીઓએ તપાસ હાથ ધરી ૧૮,૦૦૦ કીલોગ્રામ કપાસના બિયારણનો શંકાસ્પદ જથ્થો સીઝ કરી સેમ્પલ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપ્યા છે અને તેમાં બીટી અને એચ.ટી.નું પ્રમાણ કેટલું છે..?? તેના રિપોર્ટ આવ્યા પછી વિભાગ કાર્યવાહી કરી શકે છે પરંતુ હિંમતનગર અને ગાંધીનગરથી તપાસ માટે આવતા અધિકારીઓ વાયા હિંમતનગર, ઈડર અને પછી વડાલીમાં આવેલી જીનીંગમાં તપાસ માટે જતા હોય છે ત્યારે હિંમતનગર અને ઈડરમાં પણ શંકાસ્પદ બિયારણનો વેપલો મોટાપાયે થતો હોવાની લોકચર્ચા પછી પણ કેમ તપાસ થતી નથી..?? ભૂતકાળમાં અહીંયાં ફરજ બજાવી ગયેલા અધિકારીએ જીનર્સો પાસેથી તપાસના બહાને માતબર રકમ ખંખેર્યાની લોકચર્ચાને ભલે અનેક જીનર્સો રદીયો આપતા હોય પરંતુ મહાશય પાટનગરમાં બેસીને પોતાનો કારોબાર વિસ્તારતા હોવાનું અસ્થાને નથી. માત્ર ને માત્ર વડાલીના જીનર્સોને ટાર્ગેટ બનાવવા પાછળ આવી ખોંરી દાનત ધરાવતા અધિકારીનો મલીન ઈરાદો શું હોય તે સમજી શકાય તેમ છે. રાજયના એન્ટીકરપ્શન બ્યુરો દ્વારા જિલ્લામાં ફરજ બજાવીને ગયેલા ખેતી વિભાગના એક ઉચ્ચ અધિકારીની અપ્રમાણસર મિલ્કતની તપાસ થાય તો આઈ.એ.એસ. કે. રાજેશ જેવી જ ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે. રાજય સરકાર અને કૃષિ મંત્રી ખેડૂતોના હિતની વાત કરતા હોય તો ભ્રષ્ટાચારનો પર્યાય બની ગયેલા ખેતી વિભાગના કેટલાક અધિકારીઓની હરકતો ઉપર પણ હવે ટોંપીને નજર રાખવાનો સમય પાકી ગયો છે.

**જીનર્સોના ત્યાં તપાસ પછી ખેતી વિભાગના ઉચ્ચ અધિકારીઓએ કેટલા ફોન કર્યા તેની તપાસ કરો**

જીનર્સોના ત્યાંથી શંકાસ્પદ બિયારણનો જથ્થો ઝડપાય છે અને પછી અવનવા ખેલ શરુ થઈ જાય છે. માત્ર ને માત્ર વડાલીના જીનર્સને ટાર્ગેટ બનાવવા પાછળ કેટલાક ભ્રષ્ટ અધિકારીઓની મીલીભગત હોવાના હવે આરોપ સાથે સરકારમાં પણ રજૂઆત કરવાનો તખ્તો તૈયાર થયો છે. ત્યારે જીનર્સોના ત્યાં તપાસ થયા પછી ગાંધીનગરથી અવાર નવાર સદર માર્ગે આંટા મારતા એક અધિકારીએ પાછલા ૪ મહિનામાં કોને કેટલા ફોન કર્યા..?? મેસેજ કર્યા..?? તેની કોલ ડીટેલ્સ મેળવવામાં આવે તો ચોંકાવનારા ખુલાસા અસ્થાને નથી.

### બાયડના સ્ટેશન વિસ્તારમાં મટન વાનગીઓની ગેરકાયદે હાટડીઓ

# હલકી કક્ષાની નોનવેજ વાનગીઓ પીરસાતાં રોગચાળાનો ભય

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૫

બાયડના સ્ટેશન વિસ્તારમાં મટન વાનગીઓ પીરસતી હાટડીઓનો રાફડો ફાટ્યો છે. જાહેર રોડની અડોઅડ ચીકન મસાલા, ચીકન દાના સહિતના મટન વાનગીઓ પીરસવામાં આવી રહી છે પરંતુ હલકી કક્ષાના માંસના કારણે રોગચાળોનો ભય ઉભો થયો છે. રોજ સમી સાંજથી મોંડી રાત્રે માંસની વાનગીઓની દુર્ગંધને લઈને હોસ્પિટલમાં દર્દીઓને મળવા આવતા સગાઓ પણ ઉબકા લેતા જોવા મળી રહ્યા છે.

બસ સ્ટેશન વિસ્તારમાં ધાર્મિક લાગણીઓ દુભાય તે હદે મટન પીરસતી હાટડીઓ વાત્રક રોડ સુધી પાંગરવા લાગી છે. સમી સાંજ થતાં મટનની હાટડીઓ ધમધમવા લાગી છે જેના કારણે વાતાવરણ પ્રદૂષિત બની જાય છે આસપાસમાં આવેલા શોપીંગ સેન્ટર, શાકભાજીની દુકાન તથા અન્ય સ્થળે ખરીદી અર્થે આવતી પ્રજા મટનની તિવ્ર દુર્ગંધના કારણે મોં ઉપર ફરજીયાત રૂમાલ ઢાંકવાની નોબત આવી રહી છે. બાયડ પાલિકાએ પણ આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ ઉપર હિંમતપૂર્વક ત્રાટકી પ્રજાના આરોગ્યને નુક્સાન કરતું મટન વેચનારાઓ સામે તવાઈ લાવવાનો સમય પાકી ગયો છે. ક્યારેક આવી હાટડીઓની ભીંતરમાં દેહના સોદા થતા હોવાની આશંકા પણ સેવાઈ રહી છે. બાયડ પોલીસ પણ મટનની હાટડીઓ બાબતે કેમ ચૂપ છે..?? તેવો વેધક સવાલ થઈ રહ્યો છે. પાલિકા, પોલીસ અને આર.એન્ડ બી. તંત્ર આ મુદ્દે ગંભીર નહીં બને તો સ્થાનિક જાગૃત લોકો દ્વારા આવાં મટનનાં હાટડાં બંધ કરવા માટે રણશિંગુ ફૂંકનાર હોવાનું જાણવા મળ્યું છે.

## રાહુલ ગાંધી ઉવાચ : ભારત અબ અચ્છા દેશ નહિ રહા...

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...???**

બાયડ તા.૨૫

રાહુલ ગાંધી હજુય પુખ્ત નથી થયા તેવું તેમના વાણીના બફાટ ઉપરથી લાગે છે... ક્યારેય કોઈ પાગલના મોઢેથી પણ આપણે એવું સાંભળ્યું છે કે હવે મારી 'મા' પહેલાની જેમ સારી નથી રહી?? મારી જનેતા હવે બગડી ગઈ એવું બોલવું એ પાગલપનની નિશાની છે... આપણા મા બાપમાં સાત અવગુણ હોય તો પણ આપણે મા બાપ માટે આવું ના બોલી શકીએ... પણ, રાહુલ ગાંધીને કોણ સમજાવે ?? જેની મા અને બાપને ભારતીય સંસ્કૃતિ જોડે કોઈ લેવા દેવા નથી એ રાહુલ ગાંધી જ બોલી શકે કે... 'ભારત અબ અચ્છા દેશ નહિ રહા!!'આવું રાહુલ ગાંધી મીડિયા સામે કે જાહેર જનતા સામે બોલે એને ભારત માતાનો સપૂત ગણવો કે કપૂત???

દેશના પ્રધાનમંત્રી બનવાના સપના જોતા રાહુલ ગાંધી ૫૦ ની ઉંમર વટાવ્યા પછી પણ હજુય બાળકબુદ્ધિ છે તેવો કોઈ નેતા કે વિશ્લેષક કટાક્ષ કરે તો તે બિલકુલ ખોટા નથી!! 'રાહુલ ગાંધીની હરકતો જ એવી છે કે તે હજુય બાલ્ય અવસ્થામાં હોય!!' ભારતીય સંસ્કૃતિ પ્રમાણે કદાચ રાહુલ ગાંધીનું કુંવારા રહેવું કઈ ખોટું નથી....આપણી સંસ્કૃતિમાં વિવાહ માટે પણ યોગ્ય લાયકાત જરૂર જોઈએ!! ભારત સારું નથી રહ્યું??? શુ મતલબ છે આ મહાશયનો?? અરે ભાઈ તમે ભાજપનો બળાપો ભારત ઉપર ના કાઢી શકો... એવું જરૂર બોલી શકો કે ભાજપ, કોંગ્રેસ,સપા, બસપા, આપ, તૃણમૂલ, બીજેડી, શિવસેના કે અન્ય રાજકીય પક્ષ હવે સારા નથી રહ્યા પણ ભારતને શુ લેવા દેવા?

જો રાહુલ ગાંધીમાં પરિપક્વતા હોય તો આવું વિધાન ના બોલી શકે... રાહુલ ગાંધી જો એવું બોલતા કે દરેક રાજકીય પક્ષ હવે બગડી ગયા છે તો તેમની કદર થાત!! રાહુલ ગાંધી દેશને સંબોધન કરવામાં પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરતા હોય તેવું અનેક વાર બનતું આવ્યું છે... 'માત્ર ગાંધી પરિવારના છે એટલે દેશને લાયક નેતા છે એ ૨૧ મી સદીનું ભારત સ્વીકારવા તૈયાર નથી...' જેમના બાપનું કૂળ સ્પષ્ટ ના હોય અને માતા વિદેશી હોય કે જેની કોઈ મર્યાદા કે સભ્યતા ના હોય તેમના સંતાનો જોડે શુ અપેક્ષા રાખી શકાય??? ભારતની ગ્રામીણ વિસ્તારની પ્રજાને અંગ્રેજીનું મહત્વ સમજાવતા રાહુલ ગાંધીને હિન્દી અને સંસ્કૃતનું વ્યાકરણ પણ ખબર નથી!! ચીનના વખાણ કરનાર રાહુલ ગાંધીને એટલી તો ખબર હોવી જ જોઈએ કે ચીનની મોટા ભાગની પ્રજાને અંગ્રેજીનો 'A' પણ નથી આવડતો છતાંય રાષ્ટ્રને બહૂજ ઊંચા પાયદાન ઉપર લઈ ગયા.... ભારતની પ્રજા 'સંસ્કૃત' નો ઊંડાણમાં અભ્યાસ એક ભાષા તરીકે નહીં પણ જ્ઞાન તરીકે કરે તો ભારતના લગભગ દરેક પ્રશ્નોનું નિરાકરણ આવી જાય... આ ભાષા દેશના નેતાની હોવી જોઈએ... પણ, રાહુલ ગાંધી જોડે અપેક્ષા રાખવી એટલે પોતાને મૂર્ખ સાબિત કરવા બરાબર છે!!

આપણે સૌ બગડી ગયા છીએ, રાષ્ટ્રપ્રેમની ઉણપ છે, વફાદારીમાં કમી છે, ફરજો નિભાવતા નથી આ તમામ વાતો સાચી છે પણ... 'ભારત પહેલા પણ સ્વચ્છ હતું, આજે પણ સ્વચ્છ છે અને ભવિષ્યમાં પણ સ્વચ્છ રહેશે અને તે માટે ગાંધી પરિવારના સર્ટીફીકેટની ભારતને જરૂર નથી!!' ભારત સ્વચ્છ છે....ભારત સુંદર છે...ભારત જ્ઞાનનો ભંડાર છે....ભારત કર્મશીલ દેશ છે તે સાબિત કરવાની જરૂર છે અને તે કામ મોદીજી બખૂબી કરી રહ્યા છે જ્યારે ભારતનું ખાતા અને એસો આરામથી રહેતા રાહુલ ગાંધી જેવા દેશની નિંદા કરવામાંથી ઊંચા નથી આવતા એ આજના ભારતની વાસ્તવિકતા છે!!

## ભાજપ દ્વારા ભારે મનોમંથન બાદ બનાસ બેંકના ચેરમેન તરીકે સવસીભાઈ ચૌધરીની વરણી

**દાંતીવાડા બેઠક પરથી ચૂંટાયેલા સવસીભાઈને ભાજપે મેન્ડેટ આપ્યો**

પાલનપુર તા. ૨૫

બ.કાં. જીલ્લાની સૌથી મોટી સહકારી બનાસ બેંકના ચેરમેન પદની ચૂંટણી મંગળવારે પાલનપુર પ્રાંત કચેરી ખાતે યોજાઈ હતી.જેમાં બનાસ બેંકના ચેરમેન તરીકે દાંતીવાડા બેઠક પરથી ચૂંટાયેલા યુવા સહકારી અગ્રણી સવસીભાઈ ચૌધરીની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

ધી બનાસકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. (બનાસ બેંક) પાલનપુર ની ખાલી પડેલી ચેરમેન પદ ની ચૂંટણી મંગળવારે પાલનપુર પ્રાંત કચેરી ખાતે ચૂંટણી અધિકારી આર.કે પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જેમાં બનાસ બેંક ના ચેરમેન પદ માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા દાંતીવાડા બેઠક પરથી બનાસ બેંકના ડીરેકટર સવસીભાઈ સતાભાઈ ચૌધરીના નામનો મેન્ડેટ રજૂ થયો હતો. ચૂંટણી પક્રિયા દરમિયાન ચેરમેન પદ માટે સવસીભાઈ ચૌધરીનું એકમાત્ર ફોર્મ રજુ થયું હતું. જો કે, ચેરમેન પદ માટે અન્ય કોઈ ઉમેદવારી ફોર્મ રજુ ન થતાં ચૂંટણી અધિકારી આર.કે.પટેલ એ બનાસ બેંક ના ચેરમેન તરીકે સવસીભાઈ ચૌધરીને બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતાં. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન જિલ્લા ભાજપ પ્રભારી સુરેશ શાહ, જિલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, બનાસ બેંકના પૂર્વ ચેરમેન અણદાભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય વસંતભાઈ ભટોળ, માવજીભાઈ પટેલ, વસંતભાઈ પુરોહિત,રમેશભાઈ ઘાડિયા સહિત જીલ્લા ભરના સહકારી, રાજકીય આગેવાનો સહિત ભાજપના હોદેદારો, કાર્યકરો અને સહકારી મંડળીઓના ચેરમેન-મંત્રી ઓ સહિત શુભેચ્છકો હાજર રહ્યાં હતાં. બનાસ બેંકના નવનિયુક્ત ચેરમેન સવસીભાઈ ચૌધરી એ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી દ્વારા મારા જેવા સામાન્ય કાર્યકરને સૌથી મોટી બનાસ બેંકના ચેરમેન પદની જવાબદારી સોંપી છે. પાર્ટીના વિશ્વાસ ને હું ટકાવી રાખી ખેડૂતોના હિતમાં સંચાલક મંડળને સાથે રાખી વિકાસ યાત્રાને આગળ ધપાવીશુ.

## મોડાસાની કે.એન.શાહ ગ્રાન્ટેડ સ્કૂલમાં ફી ઉઘરાવવા મામલે DEOની નોટિસ, આવી નીતિ સામે વાલીઓ અવાજ ઉઠાવે

મોડાસા, તા. ૨૫ અરવલ્લી જિલ્લામાં શિક્ષણ વ્યવસ્થા સારી છે પણ ગ્રાન્ટેડ શાળાઓ હવે ફી ઉઘરાવતી થઈ છે તેવો કિસ્સો સામે આવતા હવે શાળા સંચાલકોના પગ તળેથી જમીન સરકી ગઈ હોય તેવું લાગે છે. ગત ૬ મે ના રોજ અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસાની કે.એન.શાહ અપર પ્રાયમરી સ્કૂલ ગ્રાન્ટેડ હોવા છતાં ફી વસુલ કરવા બાબતે વાલીઓ એ વિરોધ કર્યો હતો. મીડિયા અહેવાલ પ્રસિદ્ધ થતા સમગ્ર મામલે જિલ્લા શિક્ષણાધિકારીએ કાર્યવાહી કરી છે. જેમાં શિક્ષણાધિકારીએ શાળાને નોટિસ બજાવી ગ્રાન્ટેડ શાળામાં ફી વસુલ કરવા બાબતે શાળા પાસે થી જવાબ માંગ્યો છે.

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં આવેલ કે.એન. શાહ હાઈસ્કૂલ ગ્રાન્ટેડ છે, જેમાં ૬ મે ના રોજ ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ ના વાર્ષિક પરિણામ લેવા માટે વાલીઓ પહોંચ્યા હતા. જોકે કલાર્ક દ્વારા રૂ.૧૮૦૦ ફી વસુલી કરતા કેટલાક જાગૃત વાલીઓએ આ મુદ્દે હોબાળો કર્યો હતો. કેટલાક વાલીઓ એ નિયમ વિરૂદ્ધ ફી ન આપતા તેમના બાળકોનું રીઝલ્ટ આપવામાં ન આવ્યું ત્યારે વાલીઓ રોષે ભરાયા હતા.

આ અંગે મીડિયામાં સમાચાર પ્રસિદ્ધ થતા જિલ્લા શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું હતું, તેમણે ફરીયાદકર્તા વાલીઓ પાસે થી જવાબ લઈ કાર્યવાહી શરૂ કરી દીધી હતી. સમગ્ર મામલે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને નોટીસ પણ બજાવી ખુલાસો માંગવામાં આવ્યો છે. જોકે હજુ સુધી શાળા દ્વારા કોઈ જવાબ આપવામાં આવ્યો નથી.

**જિલ્લા શિક્ષણાધિકારી નો સંપર્ક કરતા તેઓ જણાવ્યુ હતું કે, શાળા ને નોટિસ આપી ખુલાસો માંગવામાં આવ્યો છે કે, ગ્રાન્ટેડ સ્કૂલમાં કલાર્ક કયા મેહકમમાં આવે છે ?**

ગ્રાન્ટેડ સ્કૂલ માં ફી કયા નિયમોનુસાર ઉઘરાવી ? આર.ટી.આઇ ૨૦૧૭ મુજબ બાળકને શારીરિક માનસિક રીતે હેરાન ન કરી શકાય ? બાળકોનું રીઝલ્ટ કયા નિયમોનુસાર રોક્યું અથવા તો રોકી શકાય કે નહીં ? કોમ્પ્યુટરની ફી કેવી રીતે ઉઘરાવી શકાય ? કયા મહેકમ મુજબ ક્લાર્ક કામ કરે છે ? જિલ્લા શિક્ષણાધિકારી વધુમાં જણાવ્યુ કે તપાસ ચાલુ છે અને શાળા જો કસુરવાર જણાશે તો પ્રાયમરી એજ્યુકેશન એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

**વાલીઓ શુ કહે છે?**

આ અંગે કેટલાક વાલીઓ નો સંપર્ક કરતા તેઓ એ જણાવ્યુ હતું કે શાળા દ્વારા ઉઘરાવાતી ફી તાત્કાલીક ધોરણે બંધ કરવામાં આવે અને નવા સત્ર માં આવી કોઈ પણ પ્રકાર ની ફી ન લેવામાં આવે તેમજ દર વર્ષે આ રીતે ફી વસુલ કરવામાં આવે છે ત્યારે જિલ્લા શિક્ષણાધિકારી યોગ્ય તપાસ કરી શાળા મંડળ પાસે થી વાલીઓ ને ફી પરત અપાવવામાં આવે .

**શિક્ષણાધિકારીની કચેરીના ઓડીટરને આ વાત ધ્યાન પર કેમ ન આવી ?**

અત્રે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું આટલા વર્ષો થી ઓડીટ કરતા શિક્ષણ વિભાગ ના હિસાબી ઓડીટરોને આ વાત ધ્યાન પર નહી આવી હોય કે પછી અગ્મયકારણસર બધુ ચાલવા દેવામાં આવતું હતું.

**મોડાસા કેળવણી મંડળને લાખો લોકો દાન કરે છે તેમ છતાં ફી ઉઘરાવતા રોષ**

મોડાસા કેળવણી મંડળ સંચાલતિ કે.એન.શાહ અપર પ્રાયમરી સ્કૂલમાં ફી ઉઘરાવાને લઈને રોષે ભરાયેલા વાલીઓએ એમ પણ આક્ષેપ કર્યો હતો કે, લાખો લોકો શાળા અને મંડળને દાન કરે છે તેમ છતાં નાના અને ગરીબ પરિવારો પાસે આવી રીતે ફી ઉઘરાવે છે, તો આ કેટલા અંશે વ્યાજબી છે.

**વાલીઓએ હવે અવાજ ઉઠાવવાની જરૂર**

શાળાઓમાં ઉઘરાવાતી ખોટી ફી અને લઈને હવે વાલીઓએ જાગવાની જરૂર છે. આવી ફી ઉઘરાવે તો તાત્કાલિક શિક્ષણ વિભાગને જાણ કરે તો આવા ખોટી ફીના પૈસા ગરીબ પરિવારોના વ્યર્થ ન જાય. આમ તો આવી મોટી શાળાઓએ ગરીબ પરિવારોના ફી માફ કરવી જોઈએ પણ અહીં તો ગ્રાન્ટેડ સ્કૂલ હોવા છતાં પણ ફી ઉઘરાવાય છે, પણ મોડાસામાં કોઈ બોલવા તૈયાર નથી કારણ કે, ગરીબ પરીવારનો અવાજ દબાવી દેવાય છે.

## અરવલ્લીમાં પોલીસ કર્મીઓના સરકારી સીમકાર્ડ બંધ અવસ્થામાં

**સંપર્ક કરવો હોય તો પર્સનલ નંબર ઉપર..!!**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૫

અરવલ્લી જિલ્લામાં પોલીસ મથકમાં પી.એસ.ઓ.ની ફરજ બજાવતા કર્મીઓને મોબાઈલ સંપર્ક માટે સરકારી સીમકાર્ડ આપવામાં આવે છે પરંતુ મોટાભાગના સીમ નંબર બંધ અવસ્થામાં જોવા મળે છે. પોલીસ મથકોમાં પી.એસ.ઓ.નો સંપર્ક કરવો હોય તો પર્સનલ ફોન નંબર હોય તો જ તે શક્ય બને છે. સારા આશયથી સરકારી સીમકાર્ડ આપવામાં આવ્યાં છે પરંતુ મોટા ભાગે પી.એસ.ઓ.ના સરકારી સીમકાર્ડ બંધ રહેતાં મોટું આશ્ચર્ય ઉભું થયું છે.

જિલ્લામાં ગુનાખોરીનો ગ્રાફ ઉંચકાઈ રહ્યો છે. પોલીસ એક ગુનો ડીટેક્ટ કરે ત્યાં અન્ય ગુના નોંધાતા હોય છે જેથી પોલીસ સાથે પ્રજાનો સંપર્ક મહત્વનો બની રહ્યો છે. જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.એસ.ઓ.ને તાત્કાલિક સંપર્ક થાય તે માટે સરકારી સીમકાર્ડ આપવામાં આવ્યાં હતાં પરંતુ ટૂંક સમયમાં જ કર્મીઓએ આ સીમ મોબાઈલમાંથી કાઢી નાખતાં સરકારી સીમ નંબર બંધ હાલતમાં જોવા મળે છે જ્યારે કેટલાક સરકારી સીમ નંબરનો ઉપયોગ પોલીસ કર્મીઓના પરિવારજનો કરતા હોવાનું સાંભળવા મળી રહ્યું છે. જિલ્લામાં સારા આશય સાથે પી.એસ.ઓ.ને સીમકાર્ડ આપવામાં આવ્યાં હતાં પરંતુ કાર્ડના ઉપયોગમાં મોટાભાગના કર્મીઓને જરાય રસ ન હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હાજર પી.એસ.ઓ.નો પર્સનલ નંબર હોય તો જ સંપર્ક શક્ય બને છે. મોટા ભાગના પોલીસ સ્ટેશનમાં લેન્ડલાઈન ટેલિફોન ગમે ત્યારે બંધ અવસ્થામાં સરી પડતા હોય છે ત્યારે કર્મીઓના સરકારી સીમકાર્ડ નંબર મહત્વના સાબિત થાય તેમ છે છતાં કોણ જાણે કે પી.એસ.ઓ.ને સરકારી સીમ નંબર કાર્યરત કરવામાં કેમ રસ નથી..?? તે પોલીસ વડાએ ચકાસવું રહ્યું.